RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 64, Dt.25-05-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં ૫૮ બેઠકો પર ધીંગુ મતદાન



## ૮ રાજ્યોની બેઠકો પર બપોરે ૧-૦૦ વાગ્યા સુધીમાં સરેરાશ ૩૯.૧૩ ટકા મતદાનઃ સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં ૫૪.૮૦ ટકાઃ જયારે દિલ્હીમાં સૌથી ઓછુ ૩૪.૩૭ ટકા મતદાન નોંધાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબકકામાં આઠ રાજયોની ૫૮ બેઠકો પર સવારથી ઉત્સાહપુર્ણ મતદાન રહ્યું છે. બપોર સુધીમાં સરેરાશ ૩૯ ટકા મતદાન હોવાના સંકેત છે. ત્રણ કેન્દ્રીય પ્રધાનો, ત્રણ પુર્વ મુખ્યપ્રધાનો સહિતના ૮૮૯ ઉમેદવારોનું રાજકીય ભાવિ આજે ઈવીએમમાં કેદ થઈ જશે.

દેશમાં સાત તબકકામાં નિર્ધારિત થયેલી લોકસભાની ચૂંટણીનો આજે છઠ્ઠો તબકકો રહ્યો છે. આઠ રાજયો, કેન્દ્ર શાસીત પ્રદેશોની ૫૮ બેઠકો પર ૮૮૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે જેમાં ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, બાંસુરી સ્વરાજ, રાજબબ્બર, કનૈયાકુમાર જેવા નેતાઓનો સમાવેશ થાય છે.

આજના છઠ્ઠા તબકકામાં સામેલ ૫૮ બેઠકોમાં બિહારની આઠ, હરિયાણાની ૧૦, ઝારખંડની ચાર, દિલ્હીની સાત, ઓડિશાની છ, ઉત્તરપ્રદેશની ૧૪, પશ્ચિમ બંગાળની આઠ તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે.

પાટનગર દિલ્હીની તમામ સાત બેઠકો પર મતદાન હોવાથી પ્રચંડ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સવારથી મતદારોની લાઈનો લાગી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ મતદાન કરીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પુર્વ સાંસદ ગૌતમ ગંભીર, બાંસુરી સ્વરાજ, કેન્દ્રીયમંત્રી હરદીપસુરી સહિતના મહાનુભાવોએ મતદાન કર્યુ હતું.બીજી તરફ કાશ્મીરમાં મહેબુબા ધરણા પર બેઠા હતા. ત્યારે દિલ્હીમાં 'આપ'ના ગઢમાં મતદાન ધીમુ કરાવવા પોલીસને સૂચના અપાયાનો આરોપ મુકાયો હતો. આજે અનેક મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં કેદ થશે. ધર્મેન્દ્ર પ્રધાન બાસુરી સ્વરાજ, રાજ બબ્બર, કનૈયાકુમાર સહિતના ૮૮૯ ઉમેદવારો આજે મેદાનમાં છે.

## ભારતમાં દરરોજ ૧૨૬૩ માર્ગ અકસ્માતમાં સરેરાશ ૪૬૧ના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**




ભારતમાં દરરોજ ૧૨૬૩ માર્ગ અકસ્માતો થાય છે. જો ૨૪ કલાકની વાત કરીએ તો આ સમયગાળા દરમિયાન ૪૬૧ લોકોના મોત થાય છે. દેશમાં નવો મોટર વ્હીકલ એક્ટ લાગુ થયા બાદ એવી અપેક્ષા હતી કે માર્ગ દુર્ઘટનાઓની સંખ્યા ઘટશે, પરંતુ તેમ થયું નથી. બીજી તરફ અમેરિકામાં એક વર્ષમાં ૧૯ લાખ માર્ગ અકસ્માત થાય છે, પરંતુ તેમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા માત્ર ૩૬૫૬૦ હોય છે.

પાંચ વર્ષ પહેલા અમલમાં આવેલા નવા મોટર વ્હીકલ એક્ટ હેઠળ દંડની રકમમાં અનેકગણાનો વધારો કરાયો હતો. તેની પાછળનો ઉદ્દેશ્ય માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવાનો હતો. ઉલ્લેખનીય છે કે દેશમાં દર વર્ષે ચાર લાખથી વધુ માર્ગ અકસ્માતો થાય છે અને આ અકસ્માતોમાં મરનાર લોકોની સંખ્યા જોઈએ તો ભારતે ઘણા વિકસિત દેશોને પાછળ છોડી દીધા છે. ૨૦૨૨માં ૧,૬૮,૪૯૧ લોકોના મોત રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા રોડ એક્સિડન્ટ્સ ઇન ઇન્ડિયા-૨૦૨૨' શીર્ષક સાથેના વાર્ષિક અહેવાલ મુજબ, સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૨માં ૪,૬૧,૩૧૨ માર્ગ અકસ્માતો થયા હતા.

## સૌરાષ્ટ્ર-ગુજરાતને હવે આકરા તાપમાનમાંથી આંશિક રાહત મળશે

### ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટવાની સંભાવનાઃ પવનની ગતિ ૨૦ થી ૪૦ કિ.મી. રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



હીટવેવની સ્થિતિનો સામનો કરી રહેલા સૌરાષ્ટ્ર-ગુજરાતને હવે આકરા તાપમાનમાં આંશિક રાહત મળવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. જો કે, ૨૦થી ૪૦ કીમીનો પવન ફુંકાવાની શકયતા છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યુ હતું કે, છેલ્લા કેટલાંક દિવસોથી સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં અનેક શહેરોમાં હીટવેવની પરીસ્થિતિ જોવા મળી હતી. ગુરૂવારે પણ કેટલાંક શહેરોનુ તાપમાન નોર્મલ કરતા બે થી ચાર ડીગ્રી ઉંચુ રહ્યુ હતું. અમદાવાદનું મહતમ તાપમાન ૪૫.૫ ડીગ્રી નોંધાયુ હતું તે નોર્મલ કરતા ચાર ડીગ્રી વધુ હતું.

ગાંધીનગરનું ૪૫.૫ ડીગ્રી મહતમ તાપમાન નોર્મલ કરતા ૩ ડીગ્રી વધુ હતું. ડીસાનું મહતમ તાપમાન ૪૪.૮ ડીગ્રી તથા વડોદરાનું ૪૪ ડીગ્રી હતું તે નોર્મલ કરતા ૪ ડીગ્રી ઉંચુ હતું. સુરેન્દ્રનગરમાં ૪૪ ડીગ્રી તાપમાન નોર્મલ કરતા ૧.૫ ડીગ્રી વધુ, અમરેલીનુ ૪૩.૮ ડીગ્રી નોર્મલ કરતા ૩ ડીગ્રી વધુ અને રાજકોટનુ ૪૨.૭ ડીગ્રી નોર્મલ કરતા ૨ ડીગ્રી વધુ રહ્યું હતું.

તા.૨૫થી૩૧ મે સુધીની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં ગુજરાતમાં મહતમ તાપમાનની રેન્જ ૪૪થી૪૬.૯ ડીગ્રી નોંધાઈ હતી તેમાં હવે સરેરાશ ૨થી૩ ડીગ્રીનો ઘટાડો થવાની અને હવે ૪૧થી૪૪ ડીગ્રીની રેન્જમાં આવી જવાની સંભાવના છે. આગાહીના સમયગાળામાં પવનનું જોર રહેવાની શકયતા છે.

પવન મુખ્યત્વે પશ્ચિમી તથા દક્ષિણ પશ્ચિમી દિશાના હશે પરંતુ તેની ગતિ ૨૦થી૩૦ કિલોમીટરની હશે જયારે ઝટકાના પવનો ૪૦ કી.મી.ની તેજ ગતિએ ફુંકાશે. ૩૧મી મે સુધીમાં કેટલાંક દિવસો દરમ્યાન આકાશમાં વાદળો પણ છવાશે. રવિવારથી વધુ વાદળો જોવા મળી શકે છે.

બંગાળની ખાડીમાં આકાર પામેલુ હવાનુ હળવુ દબાણ ડીપ ડીપ્રેસનમાં ફેરવાઈ જ ગયુ છે અને હવે વધુ મજબૂત થઈને આવતા ૨૪ કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થઈ જવાનું અનુમાન છે. આ વાવાઝોડાની દીશા ઉત્તર તરફની છે અને પશ્ચીમ બંગાળ તથા બાંગ્લાદેશની બોર્ડર વિસ્તારમાં ટકરાવાની સંભાવના છે. બે દિવસે લેન્ડફોલ થઈ શકે છે.

## ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૫૨ લોકોના મોત, સૌથી વધુ કેદારનાથમાં હાર્ટ એટેકના કારણે થયા મૃત્યુ

**મુખ્ય સમાચાર, મુંબઈ**



ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૫૨ લોકોના મોત થયા છે. જેમાંથી બદ્રીનાથમાં ૧૪, કેદારનાથમાં ૨૩, ગંગોત્રીમાં ૦૩ અને યમુનોત્રીમાં ૧૨ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેદારનાથમાં ૩૫૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જેનું મુખ્ય કારણ છાતીમાં દુખાવો, બેચેની અને હાર્ટ એટેક છે.

બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા કેરળના એક ભક્તનું ગુરુવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ થયું હતું. પરિવારના સભ્યોએ વિષ્ણુપ્રયાગમાં જ અંતિમ સંસ્કાર કર્યા હતા. અત્યાર સુધીમાં બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા આઠ શ્રદ્ધાળુઓનું હાર્ટ એટેક થવાથી મૃત્યુ થયું છે.

કેરળના તિરુવનંતપુરમથી ચાર મહિલાઓ અને બે પુરૂષો બદ્રીનાથ દર્શન માટે આવ્યા હતા. શ્રીનિવાસન (૬૩)નું બુધવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે અચાનક અવસાન થયું હતું. CMO ડો. રાજીવ શર્માએ આ વાતની પુષ્ટિ કરી છે. આ પછી પરિવારજનો મૃતદેહને વિષ્ણુપ્રયાગ લઈ આવ્યા, પરંતુ તેમની પાસે અંતિમ સંસ્કાર કરવા માટે કોઈ સામગ્રી ન હતી. આ અંગે તેમણે જોશીમઠ નગરપાલિકા પાસે મદદ માંગી હતી. આના પર પાલિકાએ તેમને સામગ્રી પૂરી પાડી હતી, ત્યારબાદ જ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

હેમકુંડ સાહિબની યાત્રાએ આવેલા પંજાબના એક યાત્રીનું કાર્ડિયાક અરેસ્ટને કારણે મોત થયું હતું. હેમકુંડ સાહિબના દરવાજા ૨૫ મેના રોજ ખુલશે. કેટલાક ભક્તો પહેલેથી જ ખંઢેરિયા પહોંચી રહ્યા છે.

## જાહેર ક્ષેત્રની સૌથી મોટી સ્ટેટ બેન્કે લોન નીતિ બદલતા ધીરાણ મોંઘુ થવાની સંભાવના

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક એવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ ઈન્ફ્રા-પ્રોજેકટ લોન નીતિમાં મોટો ફેરફાર કર્યો છે.બેંકીંગ ક્ષેત્રમાં સંભવીત નવા નિયમનોથી બેંક પર નાણાંકીય બોજ વધે તો ધિરાણ-લોનનાં વ્યાજમાં અધવચ્ચે પણ વધારો કરવાની જોગવાઈ ઉમેરી છે.આ નીતિ સામે ઔદ્યોગીક ક્ષેત્રમાં ઉહાપોહ સર્જાયો છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ લોન કરારમાં દાખલ કરેલી નવી જોગવાઈઓ મુજબ નવા સંભવીત નિયમનોથી બેંકને વધુ નાણાંકીય જોગવાઈ કરવાની સ્થિતિ સર્જાઈ છે અને બેંક પર આર્થિક બોજ વધી જાય તો અધવચ્ચે લોનનું વ્યાજ વધારી નાખવામાં આવશે. લોન લેતી વખતે વ્યાજદર નિયત કરવામાં આવ્યો હોય તો પણ તેમાં વધારો કરી દેવાશે અને તેનો બેંકને અધિકાર રહેશે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ચાલુ મહિનાની શરૂઆતમાં પ્રોજેકટ લોનનાં હિસાબો તથા ફાઈનાન્સને લગતી વિસ્તૃત ગાઈડલાઈન ઈસ્યુ કરી હતી. ગાઈડલાઈનમાં એવુ સુચવાયુ છે કે ઈન્ફ્રાસ્ટ્રકચર તથા કોમર્સીયલ રીયલ એસ્ટેટ પ્રોજેકટ નિર્માણનાં તબકકે હોય ત્યારે પાંચ ટકાનું પ્રોવિઝન રાખવામાં આવે અને આ પ્રોજેકટો આગળ ધપવા-કાર્યાન્વિત થવા સાથે તબકકાવાર તેમાં ઘટાડો થતાં હાલ બેંક દ્વારા કોમર્સીયલ રીયલ એસ્ટેટ લોનમાં ૧ ટકા, રેસીડેન્સીયલ હોમ પ્રોજેકટમાં ૦.૭૫ ટકા તથા પ્રોજેકટ ફાઈનાન્સ સહીતની અન્ય તમામ પ્રકારની લોનમાં ૦.૪ ટકાનુ પ્રોવીઝન રાખે છે.

આ સુચિત નિયમો હળવા બનાવવા માટે સ્ટેટ બેંક સહીતની બેંકો તથા કંપનીઓએ રિઝર્વ બેંક સમક્ષ ઘા નાખી છે. આ કદમથી ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે બોજ વધવાની દલીલ કરી છે. માર્કેટ કેપીટલાઈઝેશનના ધોરણે ત્રીજા નંબરે આવતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ રીઝર્વ બેન્કનાં નવા નિયમોથી ૯૦૦૦ કરોડની વધારાની જોગવાઈ કરવી પડે તેમ છે. જે વર્તમાન જોગવાઈ કરતા, ૨૮ ટકા વધુ થવા જાય છે અને કુલ જોગવાઈ ૩૨૦૦૦ કરોડ પર પહોંચી શકે તેમ છે.

મોટાભાગની બેંકો લોન કરારમાં ધિરાણની શરતોમાં ફેરફારની જોગવાઈ રાખતી જ હોય છે.જોકે ભાગ્યે જ તે લાગુ કરતી હોય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ આ કિસ્સામાં એકદમ સ્પષ્ટ અને સચોટ જોગવાઈ ઉમેરવાનો નિર્ણય લીધો છે બેંકીંગ સુત્રોએ કહયું કે આખરી દિશા નિર્દેશમાં રીઝર્વ બેન્ક કોઈ રાહત આપે તેવી શકયતા નથી. એટલે સ્ટેટ બેંકે વિશેષ જોગવાઈ ઉમેરી છે. બેંકોને ૧૫ મી જુન સુધીમાં અભિપ્રાય આપવા કહેવાયુ છે. બેંકોને ૧૫ મી જુન સુધીમાં અભિપ્રાય આપવા કહેવાયું છે અને ત્યારબાદ નવી ગાઈડલાઈનનો રીઝર્વ બેન્ક અમલમાં મુકનાર છે. રીઝર્વ બેન્કની ગાઈડલાઈન બાદ સ્ટેટ બેંકે નિર્માણનાં તબકકે રહેલા કોઈપણ પ્રોજેકટની લોન મંજુર કરી નથી.

## અંતે માલદીવ ભારત સામે ઝુકયુઃ સંબંધો મજબુત કરવા કરી જાહેરાત

**મુખ્ય સમાચાર, મુંબઈ**



ભારત સાથે ખાટા પડેલા સંબંધોમાં સુધારો કરવા માલદીવે સતત ભારતીયોને આકર્ષવા અનેક પ્રયાસો કરી રહ્યું છે. હવે તેણે માલદીવમાં ભારતની છીદ્રુ સર્વિસ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જો કે, હજી લોન્ચિંગની તારીખ જારી કરી નથી.

માલદીવના મંત્રીએ જણાવ્યું હતું કે, ''અમે હાલમાં રૂપિયામાં ચૂકવણીની સુવિધા માટેના રસ્તાઓ શોધવા ભારત સાથે ચર્ચા વિચારણા કરી રહ્યા છીએ. જેવી પ્રવાસીઓ સરળતાથી પેમેન્ટ કરી શકે.''

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ની પ્રોડક્ટ RuPay ભારતભરમાં ATM, POS ડિવાઈસિસ અને ઈ-કોમર્સ વેબસાઇટ્સ પર વ્યાપક સ્વીકૃતિ સાથે ભારતમાં ગ્લોબલ કાર્ડ પેમેન્ટ નેટવર્ક ધરાવતી પ્રથમ પ્રોડક્ટ છે. માલદીવનું આ પગલું માલદીવન રૂફિયાને વેગ આપશે.

માલદીવના આર્થિક વિકાસ અન વેપાર મંત્રી મોહમ્મદ સઈદે જણાવ્યું હતું કે, ડોલરની સમસ્યાને સંબોધતા અમે વર્તમાન એડમિનિસ્ટ્રેશન માટે MVRને પ્રાધાન્ય આપી રહ્યા છીએ. માલદીવમાં રૂપે કાર્ડનો વપરાશ શરૂ કરવાના નિર્ણયને બે લીડર્સે આવકાર્યો હોવાની માલદીવના પ્રેસિડન્ટે જાહેરાત કરી હતી. આ પગલું બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ટ્રાવેલ અને ટુરિઝમને વેગ આપી આર્થિક વિકાસમાં સહયોગી બનશે.

બુધવારે, માલદીવે કહ્યું કે ભારત અને ચીન બંને યુએસ ડોલરને બદલે પોતપોતાના સ્થાનિક ચલણમાં આયાત માટે ચૂકવણી કરવાના પ્રયાસોમાં સહમત થયા છે. સઈદે કહ્યું કે તેઓ બે અઠવાડિયા પહેલા ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવરને મળ્યા હતા, તેમણે ભારતીય રૂપિયામાં આયાત ચૂકવણીની પતાવટની ગોઠવણમાં સમર્થન અને સહકાર આપવા સંમતિ દર્શાવી હતી.

સઈદે કહ્યું કે આ પગલાથી બંને દેશો વચ્ચે થતાં વાર્ષિક ૧.૫ મિલિયનના આયાત બિલમાં ૫૦% બચત થશે. જુલાઈ ૨૦૨૩માં, ભારત સરકારે જાહેર કર્યું હતું કે સ્થાનિક ચલણમાં દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવાના પ્રયાસોના ભાગરૂપે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ રુપી વોસ્ટ્રો એકાઉન્ટ્સ ખોલવાની મંજૂરી આપવામાં આવેલ ૨૨ દેશોમાં માલદીવનો સમાવેશ થયો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, વિવિધ દેશોની મલ્ટીપલ બેન્કો અને પેમેન્ટ કંપનીઓએ UPI અને RuPayને એક યા બીજા સ્વરૂપે સ્વીકારવા માટે NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL), NPCIની આંતરરાષ્ટ્રીય શાખા સાથે ભાગીદારી કરી છે.

## બૂથ પ્રમાણે ટકાવારી જાહેર કરવા હાલ આદેશ નહીં

### ચૂંટણી પંચને રાહત : મતદાનના ૪૮ કલાકમાં ટકાવારી જાહેર કરવાની માગ સુપ્રીમે ફગાવીઃ લોકસભાની ચૂંટણી પૂર્ણ થવા જઇ રહી છે, આ સમયે આદેશ આપીને પંચ પર કામનું ભારણ ના વધારી શકાય : સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



લોકસભાની ચૂંટણી વચ્ચે ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટ દ્વારા મોટી રાહત આપવામાં આવી છે. મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાકમાં જ પ્રત્યેક મતદાન મથકે પડેલા કુલ મતના આંકડાનો રેકોર્ડ એટલે કે ફોર્મ ૧૭-સીની સ્કેન કરેલી કોપી વેબસાઇટ પર જાહેર કરવાની માગ સુપ્રીમ કોર્ટે હાલ ફગાવી દીધી છે. આ માગણી એડીઆર નામની સંસ્થા દ્વારા કરાઇ હતી, જેનો ચૂંટણી પંચ દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે માગ ફગાવતા કહ્યું હતું કે હાલ ચૂંટણી અંતિમ તબક્કામાં પ્રવેશવા જઇ રહી છે. આ સ્થિતિ વચ્ચે આદેશ આપીશું તો ચૂંટણી પંચ પર કામનું ભારણ વધી જશે.

એડીઆર નામની સંસ્થાએ અગાઉ વર્ષ ૨૦૧૯માં પીઆઇએલ કરી હતી, જ્યારે હાલ ચૂંટણી વચ્ચે વચગાળાની અરજી કરીને માગણી કરી હતી કે આ ચૂંટણીમાં શરૂઆતના તબક્કાઓમાં મતદાન પૂર્ણ થયા પછી ઘણા દિવસો બાદ કુલ મતોનો પુરો આંકડો જાહેર કરાઇ રહ્યો છે, અને મતદાનની ટકાવારી પણ બદલી જાય છે. જેનાથી લોકોમાં એક ભ્રમ પેદા થયો છે. આ સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચને આદેશ આપે કે તે મતદાન પૂર્ણ થયા બાદ ૪૮ કલાકમાં જ પ્રત્યેક બુથ પર કેટલુ મતદાન થયું તેની માહિતી જાહેર કરે. આ માહિતી ફોર્મ ૧૭-સીમાં રેકોર્ડ કરવામાં આવે છે માટે આ ફોર્મની સ્કેન કરેલી કોપી ચૂંટણી પંચ પોતાની લેબસાઇટ પર જાહેર કરે. તેવી માગ કરાઇ હતી.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દિપાંકર દત્તા અને ન્યાયાધીશ સતિશચંદ્ર શર્માની બેંચે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીના પાંચ તબક્કાનું મતદાન પૂર્ણ થઇ ગયું છે, હવે માત્ર બે જ તબક્કાનું મતદાન બાકી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે જો અમે આવા કોઇ આદેશ આપીશું તો ચૂંટણી પંચ માટે આદેશનું પાલન કરવા વધુ માણસોની જરૂર પડશે.

અમે નથી ઇચ્છતા કે આવા કોઇ આદેશથી વર્તમાન ચૂંટણી પ્રક્રિયા પર તેની કોઇ અસર થાય. અરજદાર દ્વારા વચગાળાનો આદેશ આપવા માગ કરાઇ છે, જ્યારે આ જ પ્રકારની માગણી અગાઉ આ જ અરજદાર (એડીઆર) દ્વારા વર્ષ ૨૦૧૯માં દાખલ પીઆઇએલમાં કરાઇ છે જે પેન્ડિંગ છે. માટે વર્તમાન માગણીને અગાઉની પીઆઇએલ સાથે જોડીને તેની બાદમાં સુનાવણી કરવામાં આવશે. અમે હાલ ચૂંટણી વચ્ચે કોઇ પણ પ્રકારનો આવો વચગાળાનો આદેશ આપીને ચૂંટણી પંચ બર કામનું ભારણ વધારવા નથી માગતા.

એડીઆરની માગણી પર સુપ્રીમ કોર્ટે અગાઉ ચૂંટણી પંચનો જવાબ માગ્યો હતો, ૨૨૫ પાનાના જવાબમાં પંચે કહ્યું હતું કે માત્ર ઉમેદવાર અથવા પોલિંગ એજન્ટ સિવાય આ માહિતી અન્ય કોઇ માટે જાહેર કરવાનો કાયદામાં ઉલ્લેખ નથી. જો અમે આ માહિતી જાહેર કરીશું તો સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર અસર થઇ શકે છે કેમ કે તેનાથી કોપી સાથે છેડછાડ થઇ શકે છે. જો એડીઆરની માગણીનો સ્વીકાર કરવામાં આવે તો ચૂંટણી મશીનરી પ્રત્યે લોકોમાં ભ્રમ પેદા થઇ શકે છે. સુપ્રીમ કોર્ટે બન્નેની દલીલો સાંભળ્યા બાદ શુક્રવારે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે અમે હાલ ચૂંટણી પંચને ફોર્મ ૧૭-સી મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાકમાં જ જાહેર કરવાનો આદેશ ના આપી શકીએ કેમ કે હાલ ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે તેના પર અસર થઇ શકે છે, હવે સુપ્રીમ કોર્ટ આ અંગે કોઇ આદેશ આપવાની ના પાડીને મામલાને વધુ સુનાવણી માટે સ્થગિત કરી દીધો છે. તેથી વેકેશન પૂર્ણ થયા બાદ રેગ્યુલર બેંચ દ્વારા તેના પર સુનાવણી થઇ શકે છે.

સુપ્રીમ કોર્ટમાં એડીઆરની અરજી પર સુનાવણી દરમિયાન ન્યાયાધીશ દિપાંકર દત્તાએ એક હિન્દી કહેવત આ બૈલ મુજે મારને યાદ કરી હતી. તેમણે કહ્યું હતું કે મે ચૂંટણી પંચના વકીલ મનિંદરસિંહને ચૂંટણી પંચની મતોની ટકાવારી લાઇવ આપતી એપ્લિકેશન વિશે પૂછ્યું હતું કે શું આ ડેટા લાઇવ જાહેર કરવા ફરજિયાત છે. તો જવાબમાં મને ચૂંટણી પંચે કહ્યું હતું કે એવી કોઇ જોગવાઇ નથી પણ ચૂંટણી પંચ આ માહિતી ચૂંટણીમાં પારદર્શીતા લાવવા માટે આપે છે. તે દિવસથી મે ઓપન કોર્ટમાં કઇ નથી કહ્યું પણ આજે હું કહેવા માગુ છું. આ મને આ બૈલ મુજે માર જેવું લાગ્યું. ન્યાયાધીશે ચૂંટણી પંચની થઇ રહેલી ટિકાને ધ્યાનમાં રાખીને આ ટિપ્પણી કરી હતી.

# મોરબીમાં કાળચક્ર ફરી વળ્યું, એક જ દિવસમાં છ અપમૃત્યના બનાવ નોંધાતા ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગઈકાલ તા.૨૪/૫ના રોજ જીલ્લાના અલગ અલગ પોલીસ મથકમાં છ અપમૃત્યુના બનાવની પોલીસ ચોપડે નોંધ કરાઈ હતી. જેમાં ૩ વર્ષના બાળકથી લઈને ૬૨ વર્ષીય વૃદ્ધના અકાળે મૃત્યુ થતા પોલીસે અ.મોતની નોંધ કરી તાપસ ચલાવી છે.

ત્યારે અપમૃત્યુના પ્રથમ બનાવમાં ટંકારાના નેકનામ ગામ નજીક આવેલ ઇડન પોલીપેક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક પરિવારનો ૩ વર્ષીય રાજકુમાર રોશનકુમાર શાહ ઈડન પોલીપેક કારખાનાની લેબર કોલોની પાસે રમતો હોય તે દરમિયાન ખુલ્લી કુંડીમાં પડી ગયો હતો. જ્યાં કુંડીના પાણીમાં રહેલ કોઈ ઝેરી જાનવર કરડી જતા ૩ વર્ષીય માસુમ બાળકનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર બાબાવ અંગે પોલીસે મૃત્યુની નોંધ કરી આગેકની તપાસ ચલાવી છે.

બીજા બનાવની મળતી માહિતી અનુસાર મોરબીના વાવડી રોડ ઉપર રહેતા રાજેશસિંહ અજીતસિંહ ઝાલા ઉવ-૪૩ ગત.તા. ૨૩/૦૫ના રોજ ટંકારા નજીક ખજૂરા હોટલમાં આવેલ પાણીના હોજમાં ન્હાવા પડ્યા હતા ત્યારે કોઈ કારણોસર રાજેશસિંહ હોજના પાણીમાં ડૂબી જતા મરણ ગયેલ હોય જેથી તેમની ડેડબોડી ટંકારા સિવિલ હોસ્પિટલે પીએમ અર્થે લાવતા ટંકારા પોલીસે અ.મોત ની નોંધ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

જયારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોરબી તાલુકાના કેશવનગર જીવાપર ગામે ૬૨ વર્ષીય બાબુભાઈ શિવાભાઈ કાલરીયાને ગત તા.૨૧/૦૫ ના રોજ રાત્રીના ૩ વાગ્યે ઉલ્ટી થયા બાદ બેભાન થઇ ગયેલ હાલતમાં મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવારમાં તેઓને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં લાવતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજતા સમગ્ર બનાવ બાબતે મોરબી તાલુકા પોલીસે ઇન્કવેસ્ટ પંચનામું કરી મૃતદેહને પીએમ માટે ખસેડવાની કાર્યવાહી પૂર્ણ કરી મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરવામાં આવી છે.

ચોથા બનાવની મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના માકંસાર ગામે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા વનરાજભાઈ મગનભાઈ ચાવડા ઉવ.૪૮ને મૃત હાલતમાં તેમના પુત્ર દ્વારા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ સહીતની કામગીરી કરવા લઇ આવતા પોલીસને જાણ કરાઈ હતી. ત્યારે મોરબી તાલુકા પોલીસ ટીમ ઘટના સ્થળે આવી ઇન્કવેસ્ટ પંચનામું કરી મૃત્યુ અંગે અ.મોત રજી. કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

જયારે પાંચમા અપમૃત્યુના બનાવમાં ભીમસર ગામે ગળેફાંસો ખાઈ ૨૧ વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યું હતું. જેમાં મૃતક વિકાસભાઇ રામવિનયભાઇ પાનતાપી ઉવ.૨૧ રહે.ભીમસરવાળાએ રાત્રીના પોણા આઠ વાગ્યાના અરસામા કોઇ કારણોસર ભીમસર ગામની શાળામા ઝાડ પર ગળેફાંસો ખાઇ લેતા તેને મરણ હાલતમા ૧૦૮ મારફત મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે લાવતા બનાવ અંગે સિવિલ હોસ્પિટલ હાજર ડોક્ટરે પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે અ.મોતની નોંધ કરી અકાળે મોત અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

છઠ્ઠા બનાવની મળતી માહિતી અનુસાર મોરબીના વાવડી રોડ ઉપર આવેલ ભગવતીપરામાં રહેતા મંજુલાબેન વા/ઓ દુદાભાઇ હિરાભાઇ રાવા ઉવ.૩૫ પોતાના છોકરાને ઠપકો આપતા હોય જે બાબતે પોતાના પતિએ છોકરાઓને ઠપકો આપવાની ના પાડેલ હોય જે બાબતે મંજુલાબેન તથા તેના પતિને બોલાચાલી થયેલ હોય જે વાતનું મનમા લાગી આવતા ગત તા.૨૧/૦૫ના બપોરના દોઢેક વાગ્યાના અરસામા પોતાના ઘરે પોતાની જાતેથી રૂમના છતના પંખામા કપડુ બાંધી ગળાફાંસો ખાઇ લેતા પ્રાથમિક સારવાર મોરબી ખાનગી હોસ્સ્પીટલ ખાતે લઈ વધુ સારવાર માટે સરકારી હોસ્પીટલ રાજકોટ ખાતે લઈ જતા જ્યા ચાલુ સારવાર દરમીયાન મંજુલાબેનનું મૃત્યુ નિપજતા હોસ્પિટલ પોલીસ ચોકી સ્ટાફે મોરબી એ ડિવિઝનમાં જાણ કરતા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકાની ઢૂવા ચોકડી પાસેથી વેપારીનું અપહરણ કરનાર ત્રણ શખ્સોને ઝડપી લેતી મોરબી જિલ્લા પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:વાંકાનેર તાલુકાના ઢૂવા ચોકડી પાસેથી સીંધી વેપારીનું ઉછીના આપેલ રૂપિયાની ઉઘરાણી બાબતે ત્રણ શખ્સો દ્વારા અપહરણ કરાયું હતું. ત્યારે વાંકાનેર તાલુકા પોલીસ તથા મોરબી એલસીબી પોલીસ ટીમ દ્વારા સંયુક્તમાં કામગીરી હાથ ધરી ગણતરીની કલાકોમાં અપહ્યત વેપારીને સહી સલામત અપહરણકારોના ચુંગાલમાંથી છોડાવી ત્રણેય અપહરણકર્તા આરોપીને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર ગત તા.૨૩ના રોજ ફરીયાદી ગીરીશભાઇ મહેશભાઇ ઉર્ફે મેગરાજભાઈ મોહેનાની રહે. મકનસર ગાયત્રી સ્કુલ સામે તા.જી.મોરબી મુળ રહે. નાની વાવડી સીંધી સોસાયટી તા.જી.મોરબી વાળાએ વાંકાનેર તાલુકા પો.સ્ટે.માં ફરીયાદ જાહેર કરેલ કે, પોતે તા.૨૨/૦૫ના સાંજના આશરે પાંચથી છ વાગ્યાના અરસામાં ઢુવા ચોકડી પાસે હતા. ત્યારે રણજીતભાઇ સોમાભાઇ દુમાદીયા રહે. નવા ઢૂવા તા.વાંકાનેર વાળા પાસેથી પોતે અગાઉ હાથ ઉછીના રૂપીયા-૫૩ હજાર લીધેલ હોય જેમાંથી રૂપીયા-૮ હજાર પરત આપી દીધેલ અને બાકીના રૂપીયા પરત નહી આપતા આરોપી રણજીતભાઇ સોમાભાઇ, નિલેશ સોમાભાઇ, જયસુખભાઇ મનસુખભાઇએ ફરીયાદીનું અપહરણ કરી કાળા કલરની ફોરવ્હીલ કારમાં લઈ જઈ લાકડીથી માર મારી રૂપીયા-૧૫૦૦/- બળજબરીથી કઢાવી લીધા હતા. અને બાકી નીકળતા રૂપિયા કોઈ પાસે મંગાવી લેવા દબાણ કરી વેપારીને બંધક બનાવી રાખ્યા હોય અને જો પૈસા ન આપે તો તેઓને જવા દેવામાં નહિ આવે તેમ ધમકી આપી હતી.

ત્યારે ઉપરોક્ત બનાવની જાણ મોરબી પોલીસને કરતા વાંકાનેર તાલુકા પોલીસ તથા એલસીબી પોલીસે સંયુક્તમાં ઓપેરેશન હાથ ધરી અપહ્યુત સીંધી વેપારીને શોધી ત્રણેય અપહરણ કરનાર આરોપી રણજીતભાઇ સોમાભાઇ દુમાદીયા ઉવ.૩૦ રહે. નવા ઢુવા તા.વાંકાનેર જી.મોરબી, નિલેશભાઇ સોમાભાઇ દુમાદીયા ઉવ.૨૨ રહે. નવા ઢુવા તા.વાંકાનેર જી.મોરબી તથા જયસુખભાઇ ઉર્ફે જયુ મનસુખભાઇ લીંબડીયા ઉવ.૨૭ રહે. કોરડા તા.ચુડા જી.સુ.નગરને અપહરણ કરવાના ગુનામાં ઉપયોગમાં લીધેલ કાલા કલરની નંબર પ્લેટ વગરની મારુતિ સ્વીફ્ટ કાર સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલ ત્રણેય અપહરણકર્તા આરોપીઓ સામે ગુનો નોંધી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રોલમાં થયેલ ૧.૧૩ લાખની ચોરીના ગુન્હામાં ફરાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલની ૧ લાખ ૧૩ હજારની ચોરીના ગુનાને અંજામ આપી પોલીસને હાથતાળી આપતા શખ્સને જામનગરમાંથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે પકડી પાડ્યો હતો.

મૂળ વાડીનાર નો વતની અને હાલ સિક્કા કારાભૂંગા વિસ્તારમાં રહેતો મહેબૂબ ઉર્ફે ડાડલો જુનુસભાઈ સુંભણીયા નામનો શખ્સ કે જે ધ્રોળ પોલીસ સ્ટેશન ની રૂપિયા એક લાખ ૧૩ હજારની રોકડ રકમની ચોરીના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો રહ્યો હતો.ઉપરોક્ત આરોપી જામનગરમાં રેલવે સ્ટેશન વિસ્તારમાં આવ્યો છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમેં વોચ ગોઠવીને તેને ઝડપી લીધો છે, અને ધ્રોળ પોલીસ માથકમાં સુપ્રત કરી દીધો છે.આ કામગીરી એવ્સ્કોન્ડર/પેરોલ ફર્લો સ્ક્વોડના પીઆઈ એમ.વી.ભાટીયા તથા એ.એસ.આઈ.ગોવિંદભાઇ ચૌહાણ, લખધીરસિંહ જાડેજા, કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા,



સલીમભાઈ નોયડા તથા પો.હેડ કોન્સ. ભરતભાઈ ડાંગર, રણજીતસિંહ પરમાર, મહિપાલભાઇ સાદિયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રભાઈ પટેલ હેડ કોન્સ. અરવિંદગીરી ગોસાઇ તથા એલ.સી.બી.ના હેડ કોન્સ.નિર્મળસિંહ જાડેજા તથા પો.કોન્સ.બળવતસિંહ પરમાર સહિતના ફરજ પર હાજર રહ્યા હતા.

# શિવરાજપુર બીચ પર તા. ૪ જૂનથી ૨ ઓગસ્ટ,૨૦૨૪ સુધી ન્હાવા અને સ્વીમીંગ કરવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપૂર બીચ પર તા. ૦૪/૦૬/૨૦૨૪થી તા. ૦૨/૦૮/૨૦૨૪ સુધી લોકોને ન્હાવા અને સ્વિમિંગ કરવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા પ્રતિબંધ લગાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના શિવરાજપુર ગામે બ્લ્યુ ફ્લેગ બીચ કાર્યરત છે. આ બીચ પર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ ન્હાવા અને સ્વીમીંગ કરવા આવતા હોય છે. જૂન માસથી ચોમાસુ શરૂ થતું હોય છે. અને દરિયો પણ તોફાની હોય છે. તેમજ દરિયામાં જોરદાર પ્રવાહના કારણે બીચમાં ન્હાવું/સ્વીમીંગ કરવું જોખમી થઈ શકે છે. શિવરાજપુર બીચ (લાઇટ હાઉસ - સર્વે નં. ૫૮ થી શિવરાજપુર બીચના ખાડી-




૨ પોઇન્ટના છેડા સુધી, ૫ કીલોમીટર સુધીની લંબાઇનો દરિયાકાંઠાનો વિસ્તાર) ખાતે આવતા તમામ પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકોને ન્હાવા અને સ્વીમીંગ કરવા પર તા. ૦૪/૦૬/૨૦૨૪ થી તા.૦૨/૦૮/૨૦૨૪ સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ અન્વયે કાનૂની કાર્યવાહીને પાત્ર થશે.

# હિન્દ વૈભવ સમાચાર પત્રકના તંત્રી મેહુલ ભાઈ ખાત્રાએ તેમના જન્મદિવસની ૧૦૦ વૃક્ષો વાવી ઉજવણી કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હિન્દ વૈભવ સમાચાર પત્રકના તંત્રી કે જેઓ હર હંમેશ પ્રજાની વચ્ચે રહેતા પ્રજાના પ્રશ્નોને વાંચા આપતા તેમજ સત્યને ઉજાગર કરવામાં ઉપરાંત રાષ્ટ્રહિત સર્વોપરી ની વિચારધારા ધરાવતા કે જેઓ સુદર્શન ન્યુઝ, વી હિન્દુસ્તાન ન્યુઝ, ન્યુઝ ૧૧ ગુજરાતી તેમજ વોઇસ ઓફ મોરબી જેવા માધ્યમો સાથે જોડાઈ પ્રજાના પ્રશ્નો વાંચા આપ્યા બાદ હાલ પોતે હિન્દ વૈભવ ન્યુઝના તંત્રી તરીકે પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરી રહ્યા છે. ઉપરાંત ગુજરાત પત્રકાર એકતા પરિષદ ના મોરબી જિલ્લાના ઉપ્રમુખ તરીકે ફરજ બજાવતા મેહુલકુમાર ખાત્રા(ગઢવી) નો આજરોજ જન્મદિવસ હોય ત્યારે તેમને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ .



મેહુલકુમાર ખાત્રા(ગઢવી) દ્વારા આજરોજ તેમના જન્મદિવસ નિમિત્તે ૧૦૦ જેટલા વૃક્ષો વાવી વસુંધરા અને હરિયાળી બનાવવા ના પ્રયાસ સાથે જન્મદિવસની પ્રેરણાદાઈ ઉજવણી કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ત્યારે સૌ સાથે મળીને પોતાના જન્મ દિવસની ઉજવણી આ રીતે કરવી જોઈએ એવી અપીલ સાથે મેહુલકુમાર ખાત્રા(ગઢવી) દ્વારા ઉજવણી કરવામાં આવી છે. આજે મેહુલકુમાર ખાત્રા(ગઢવી)ને આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના સ્નેહીજનો, તેમનું બહોળું મિત્રો વર્તુળ શુભેચ્છાઓનો ધોધ વરસાવી રહ્યા છે.

# જામનગર સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડીયોલોજી દિવસની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા વિવિધ દિવસો અને તહેવારોની ખાસ ઉજવણી કરવામાં આવે છે. આ સંસ્થાના ઓરલ મેડિસિન અને રેડિયોલોજી વિભાગના પ્રાધ્યાપક અને વડા ડો.રીટા ઝા ના માગદર્શન હેઠળ રાષ્ટ્રીય ઓરલ મેડિસિન અને રેડિયોલોજી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણી અંતર્ગત યુથ અવેરનેસ ડ્રાઈવ, ડેન્ટલ ડમ શરાઝ સ્પર્ધા તથા ઓરલ મેડિસિનના નિષ્ણાંત એવા અમદાવાદનાં પ્રસિદ્ધ ડો.ભાવિન દુધિયા દ્વારા લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુથ અવેરનેસ ડ્રાઈવ અંતર્ગત વિભાગના ડોકટરો દ્વારા જામનગરની ડિ.કે.વી. આર્ટસ તથા સાયન્સ કોલેજ, એસ.વી.ઈ.ટી. પોલીટેકનીક કેલેજ, ફિઝીયોથેરાપી અને નર્સિંગ કોલેજની મુલાકાત લઈ ત્યાંના છાત્રોમાં તમાકુની આડઅસર વિશે જાગૃતતા ફેલાવવા લેકચર તથા કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉજવણીને સફળ બનાવવા સંસ્થાના વડા ડો.નયના પટેલ તેમજ વિભાગના ડો.યેશા જાની, ડો.માનસી ખત્રી, ડો.અભિષેક નીમાવત, ડો.કાજલ શીલુ તથા ડો.ફોઝીયા પઠાણે જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરિણામમાં મોરબીની નવયુગ કોલેજનું ધમાકેદાર પરિણામ

**મુખ્ય સમાચાર, મોરબી**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં બી.બી.એ.સેમેસ્ટર-૬ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મોરબીની નવયુગ બી.બી.એ કોલેજનું ધમાકેદાર પરિણામ આવ્યું હતું.

નવયુગ બી.બી.એ કોલેજની વિદ્યાર્થીની અરણિયા કૃપાલી ૭૯.૭૧% સાથે કોલેજમાં પ્રથમ નંબર મેળવ્યો છે. બીજા નંબરે પાંચોટીયા પ્રિયાંશી ૭૭.૧૪% અને ત્રીજા નંબરે ભાલોડીયા મનસ્વી ૭૬.૭૧% માર્ક્સ મેળવી બી.બી.એ વિભાગમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા જિલ્લા કક્ષાએ મેનેજમેન્ટ કોલેજ નો દબદબો જાળવી રાખી કોલેજ નું ગૌરવ વધાર્યું છે.

તમામ વિદ્યાર્થીને સંસ્થાનાં પ્રમુખ પી. ડી. કાંજીયા સર તેમજ કોલેજ ના પ્રિન્સિપાલ નિલેશભાઈ મીરાણી તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




# જેતપુરના લાકડાકાંડમાં ફોરેસ્ટ વિભાગના ભ્રષ્ટ સ્ટાફની મીલીભગત!

## ઉપલેટા પંથકમાંથી લાકડા કાંડ બાબતે હવે ખાલી ઉપલેટા ફોરેસ્ટ નહિ પરંતુ આખો વિભાગ સંકળાયેલો હોય તેવું ખુલવા પામ્યું છે






**હાથીના દાંત ચાવવાના જુદા અને બતાવવાના જુદા હોય છે તે કહવેતની માફક રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મૂળુંભાઈ બેરાએ ટ્વિટ કરી વૃક્ષોનું મહત્વ સમજવાની સલાહ આપી, બીજી બાજુ તેના જ ફોરેસ્ટ વિભાગમાં ચાલતા વૃક્ષ નિકંદન અંગે આંખ મિચામણાં**

**સૌરાષ્ટ્રમાં વન વિભાગની પ્રતિબંધિત જગ્યામાં ઘટાદાર વૃક્ષોનું કત્લેઆમ કરીને જેતપૂરના કારખાના અને સો મિલમાં ઠલવાયેલા ગેરકયદેસર લાકડાના જથ્થા અંગે તપાસ કરવામાં આવે તો સ્થાનિક મામલતદાર, સરપંચ, આર.એફ.ઑ. રાજકોટના ડીસીએફ સુધીના અધિકારીઓ સામે સસ્પેન્સ સુધીના પગલાં ભરી શકાય**

**મુખ્ય સમાચાર, જેતપુર**

હાથીના દાંત ચાવવાના જુદા અને બતાવવાના જુદા હોય છે તે કહવેતની માફક રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મૂળુંભાઈ બેરા કામગીરી કરી રહ્યા છે.એક બાજુ મંત્રી મૂળુંભાઈ બેરા સોશિયલ મીડિયામાં પર્યાવરણ બચાવવા માટે ઝુંબેશ ચલાવી પર્યાવરણ પ્રેમીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.તો બીજી બાજુ તેમના જ વન વિભાગના કાર્યક્ષેત્રમાં અન અધિકૃત વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતા ઘટાદાર વૃક્ષોનું છેદન અટકાવી શકતા નથી.સૌરાષ્ટ્રમાં પુષ્પા અને વિરપ્પનની માફક 'વૃક્ષ નિકંદન માફિયા' હવે સ્થાનિક આર.એફ.ઑ અને તેના ઉપરી અધિકારીને પૈસાનું ઝાડ ઉગાડી દેતા તે ધૂતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યા છે.સ્થાનિક તો ઠીક હવે રાજકોટ અને મોરબીના ડીસીએફ અધિકારીના પેટનું પાણી પણ ન હલતું હોવાથી પ્રકૃતિ પ્રેમીઓ અને સ્થાનિક લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે

છેલ્લા ઘણા સમયથી જુનાગઢ, ગીર સોમનાથ,અમરેલી, રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં અનઅધિકૃત ક્ષેત્રોમાં પ્રવેશ કરીને 'વૃક્ષ નિકંદન માફિયા' હવે બેરોકટોક ઘટદાર વૃક્ષોનું કત્લેઆમ કરીને ખાનગી વાહનો મારફતે જેતપૂર ડાઈનીગ ઉદ્યોગમાં ઠલવીને કાળી કમાણી કરી રહ્યા છે.આ કાળી કમાણીનો હિસ્સો સ્થાનિક મામલતદાર,સરપંચ, આર.એફ.ઑ,સિનિયર અધિકારીઓને મળતો હોવાથી ચૂપકીદી સેવી રહ્યા છે.તો બીજી બાજુ પાપ છાપરે ચડી પોકારે તે રીતે કારખાના અને સો મિલમાં ગેરકાયદેસર રીતે ઠલવાયેલો લાકડાનો જથ્થો જોવા મળે છે.આ શંકાસ્પદ લાકડાના જથ્થા અંગે રાજકોટ બહુમાળી ભવનમાં બેસ્ટ ડીસીએફ તુષાર પટેલ,ડી.એફ.ઑ શૈલેષ કોટડીયા, મોરબીના અધિકારી પણ આમાં સહભાગી બની તપાસ કરે તો મોટું કૌભાડ બહાર આવી શકે છે

ભ્રષ્ટાચાર અને વન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક મામલતદારની કામગીરીને ઉજાગર કરતી ઉપરોક્ત તસવીરોમાં જોઈ શકાય છે કે જેતપૂરના પ્રથમ દેરડી ધાર,રબારીકા રોડ,સામાં કાંઠાના ફિલ્ટર પ્લાન્ટ, નંદાણીયા નગર, ધોરાજી રોડ પર આવેલા કારખાના અને સો મિલમાં સ્ટોક કરાયેલો ગેરકાયદેસર લાકડાનો જથ્થો જોઈ શકાય છે.આ તથા મામલો ઉચ્ચ અધિકારીઓ તપાસ કરેતો ઘણાના તપેલા ચડી જાય તેમ છે. મંજૂરી વગરનું આડેધડ વૃક્ષ છેદન કરવું તે પણ માનવ હત્યા જેટલો જ ગુનો બને છે.

ઉપલેટા વિસ્તારમાંથી આવતા ગેર કાયદેસર લાકડા મામલે અનેક અહેવાલો છપાયા હતા ઉચ્ચ અધિકારીઓ હજુ સુધી આ ગેરકાયદેસર પરિવહન અટકાવી શક્યા નથી. હજુ પણ ઉનાળામાં પડી રહેલ ગરમીનો તાપ આ વૃક્ષ છેદન કરવામાં કારણે લાગશે તેવું નક્કી રહ્યું. આ મામલે હવે પર્યાવરણ વિભાગ તેમજ કલેકટર અને ઉચ્ચ અધિકારીઓ રેઇડ કરી આ કોભાંડ ઉજાગર કરે એવી ચર્ચાઓ એ જોર પકડ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કરણસિંહજી સ્કૂલમાં બિરાજતા બાલાજીદાદાને ફૂલો સાથે સંતરાનો દિવ્ય તેમજ અલૌકિક શણગાર

**મુખ્ય સમાચાર, દર્શન મકવાણા**



**રાજકોટ:** રાજકોટની પાવન ધરામાં બિરાજમાન કસ્ટ હર્તા , દુ:ખ દૂર કરતા મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે ફૂલો સાથે સંતરાઓનો અલૌકિક અને દિવ્ય શણગાર કરાયો છે , આ દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે , આજના શનિવારના પવિત્ર દિવસે હજારો ભકતો મહાપ્રતાપી બાલાજી દાદાના દર્શને પધારશે અને ધન્યતાની અનુભૂતિ કરશે , આપ પણ પરિવાર સાથે બાલાજી દાદાના દર્શને પધારી દર્શનનો દિવ્ય લાભ લો તેમજ રાજોપચાર પદ્ધતિથી થતી દાદાની સંધ્યા આરતીનો અલભ્ય લાભ લો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે

# જુનાગઢ જિલ્લામાં ગેરકાયદે બાયોડીઝલ એલડીઓના ચાલતા ધમધોકાર ગેરકાયદેસર વેપાર પર કોની મીઠી નજર?? ચર્ચાતો સવાલ: પોલિસની કામગીરી પર ઉઠતા સવાલો

**મુખ્ય સમાચાર, ગૌતમ ચૌહાણ**

**જૂનાગઢ:** જુનાગઢ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પ્રતિબંધિત એવા એલ ડી ઓ વેચાણ થઈ રહ્યું છે... જુનાગઢ જિલ્લામાં અલગ અલગ જગ્યા પર બાયોડીઝલનો ધમધોકાર ધંધો ચાલી રહ્યો હતો જેમાં ગઈકાલે સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ દ્વારા બાયોડીઝલનું ગેરકાયદેસર વેચાણ કરતા તત્વોને ઝડપી લેવાયા છે ત્યારે પોલીસની કામગીરી ઉપર પણ સવાલો ઊભા થયા છે....







સ્ટેટ મોંનીટરીંગ સેલ ની ટીમ દ્વારા કેશોદ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવતા નેશનલ હાઇવે રોડ ઉપર અગતરાય નજીક બાયોડીઝલનું વેચાણ કરવામાં આવતું હતું... અગતરાય માંથી ઝડપાયેલ બાયોડીઝલનો જથ્થો ખોટા હાથી ગાડીમાં થી વેચાણ કરતા હોવાનું સૂત્રમાંથી જાણવા મળે છે... નક્કી કરેલી જગ્યા ઉપરથી ચોક્કસ ટ્રાવેલ્સના ધંધાર્થીઓ તેમજ વાહનો લઈને પસાર થતાં ટ્રક માલિકો ફોન કરે એટલે છોટા હાથીમાં બાયોડીઝલ આવીને ટાંકી ભરી જતા હોવાની સર્વિસ પૂરી પાડતા હતા...

તેવી જ રીતે વંથલીના દિલાવર નગરમાં પણ શંકાસ્પદ બાયોડીઝલ નું પણ વેચાણ થતું હતું... સૂત્રો માંથી જાણવા મળતી વિગત મુજબ, જૂનાગઢ જિલ્લામાં એસ ઓ જીમાં પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ નિવૃત્તિ ના સમયમાં બાયોડીઝલનું ધૂમ વેચાણ કરતા હોવાની ફરિયાદ સ્ટેટ મોનિટરિંગ સેલ ને મળી હતી જેને આધારે વિજિલન્સ ની ટીમ અહીં ત્રાટકી હતી ....

# રાજકોટ RTOની નવી પહેલ: QR કોડ સ્કેન કરી RC બુક શોધીને લઈ જાઓ

## આર.સી. બુક મેળવવા માટે આધાર અને ચૂંટણી કાર્ડ લઈ આરટીઓ ઓફીસે રૂબરૂ આવવું જરૂરી: RTO કેતન ખપેડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતભરની આરટીઓ ફેસલેસ સુવિધા પુરી પાડે છે ત્યારે રાજકોટ આરટીઓ કચેરીએ વધુ એક નવી પહેલ કરી છે. વર્ષ ૨૦૨૨થી લઈને અત્યાર સુધીમાં આરટીઓ કચેરીએ કુલ ૬૩૦૦ આર.સી.બુક કોઈ કારણોસર પરત આવી છે તેને મેળવવા માટે આરટીઓ ઓફીસર કેતન ખપેડના માર્ગદર્શન હેઠળ એક ક્યુઆર કોડ સ્કેનની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે આ ક્યુઆર કોડ સ્કેન કરીને નાગરિક નંબર નાખીને આર.સી.બુક ચેક કરી શકે છે



ત્યારબાદ આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ લઈને આરટીઓ કચેરીએ રૂબરૂ આવીને આર.સી.બુક મેળવી શકે છે. આરટીઓ કચેરીએ એડ્રેસનું વેરીફિકેશન બાદ જ આરસી બુક આપવામાં આવશે.

આરટીઓ ઓફીસર કેતન ખપેડે જણાવ્યું હતું કે, સૌ પ્રથમ તો ક્યુઆર કોડ સ્કેન કરવું પડશે તેમાં એક એક્સેલ શીટ ખુલશે. જેમાં શીટ ૧માં જઈ વાહનનો નંબર સર્ચ કરી શકે છે જો તેમની આરસી બુક રિટર્ન આવેલી છે તો તેમાં જરૂરથી બતાવશે ત્યારબાદ આરટીઓ કચેરીએ ડોક્યુમેન્ટ લઈને આરસી બુક મેળવી શકે છે.

# રાજકોટમાં એક વૃધ્ધનું લૂ લાગી જવાથી મોત

## આજી ડેમ નજીક રામવન પાસેથી ૬૦ વર્ષના વૃધ્ધની લાશ મળી આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આકાશમાંથી સતત આગ વરસી રહી છે. દેશભરમાં લૂ લાગી જતાં મૃત્યુના બનાવો બની રહ્યા છે. આ વચ્ચે રાજકોટ શહેરમાં પણ એક વૃધ્ધનું લૂ લાગી જવાથી મોત થયું છે. આજીડેમ નજીક રામવન પાસેથી એક આશરે ૬૦ વર્ષના વૃધ્ધની લાશ મળી આવી છે. બીનવારસ એવા આ વૃધ્ધને લૂ લાગી જતાં મૃત્યુ થયાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

જાણવા મળ્યા મુજબ આજીડેમ ચોકડી નજીક રામવન પાસે અજાણ્યા વૃધ્ધની લાશ પડી હોવાની જાણ ૧૦૮ મારફત થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઇ સોલંકી, દિગપાલસિંહ



સહિતના સ્ટાફે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે તપાસ કરતાં વૃધ્ધની ઉમર આશરે ૬૦ વર્ષ જણાઇ હતી. તેમણે દુધીયા રંગનો અડધી બાંહનો શર્ટ અને બ્લુ પેન્ટ તથા પગમાં ચપ્પલ પહેર્યા હતાં. તેમના મૃતદેહ નજીકથી એક સ્ટીક મળી હતી. મૃતકની ઓળખ થઇ શકે તેવી કોઇ ચીજવસ્તુ મળી આવી નહોતી.

પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. લૂ લાગી જવાને કારણે મૃત્યુ થયું હોવાની શક્યતા જણાઇ આવી હતી. તસ્વીરમાં દેખાતા મૃતક વૃધ્ધના કોઇ વાલીવારસ હોય તો આજીડેમ પોલીસનો ફોન-૬૩૫૯૬ ૨૯૮૮૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગણિત વિના વ્યાપાર શક્ય નથી તે જ રીતે કર્મજ્ઞાન વગર જીવનમાં હસીખુશી સંભવ નથી : ડો. રાજીવ મિશ્રા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખુશ થઈને કામ કરશો તો ખુશી અને સફળતા બંને મળશે જે ચમત્કારિક વિચારને માનવ જીવનના ઉત્થાન માટે તરતો મુકનાર કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે જે રીતે ગણિતના જ્ઞાન વિના વ્યાપાર શક્ય નથી તે જ રીતે કર્મજ્ઞાન ના અભ્યાસ વગર આપણા જીવનમાં હસી ખુશી સંભવ નથી તેઓએ એ વાતનો ઉલ્લેખ કર્યો કે જિંદગીની દરેક પળ મોજથી જીવવા માટે યોગ અને પ્રાણાયામ સાથે



કર્મજ્ઞાન નો અભ્યાસ અત્યંત જરૂરી છે કર્મજ્ઞાન વ્યક્તિના જીવનમાં પાનખર માંથી વસંત લાવવાનું કામ કરે છે કર્મજ્ઞાન નો નિયમિત અને શ્રદ્ધાપૂર્વક નો અભ્યાસ માનવીને ટોચ પર પહોંચાડી શકે છે તેમ અંતમાં ડો મિશ્રાએ જણાવ્યું હતું

ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા દર રવિવારે કર્મયોગ મંદિર,ઇવનિંગ પોસ્ટ જુબેલી બાગ પાસે રાજકોટ ખાતે સવારે ૭.૪૦ થી ૮.૨૦ દરમિયાન જુદા જુદા કર્મજ્ઞાન ના ટોપીક પર નિશુલ્કલેક્ચર આપવામાં આવે છે વધુ વિગત તેમજ કર્મયોગના whatsapp ગ્રુપમાં જોડાવા M 8511829002 પર સંપર્ક કરવો

# હળવદના ચરાડવા ગામથી વિદેશી દારૂના ૮૫ ચપલા સાથે એકની અટકાયત કરાઈ

**મુખ્ય સમાચાર, હળવદ**

મળતી માહિતી અનુસાર હળવદ પોલીસને બાતમી મળેલ કે ચરાડવા ગામે સમીર અનવરભાઈ પોતાના રહેણાંકની બાજુમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. જે મુજબની બાતમીને આધારે પોલીસે દરોડો પાડતા વિદેશી દારૂની ૧૮૦એમએલની ઓફિસર ચોઈસ વ્હિસ્કીની ૮૫ નંગ બોટલ કિ.રૂ.૮,૫૦૦/-મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી સમીરભાઇ અનવરભાઇ કાજેડીયા ઉવ.૨૧ રહે. ચરાડવા ગામ તા.હળવદની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની સામે પ્રોહી. ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જાણીતા પ્રેસ ફોટોગ્રાફર પ્રવિણભાઈ સેદાણીના યુવાન પુત્રનું હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સીનીયર પ્રેસ ફોટોગ્રાફર પ્રવિણભાઈ સેદાણીના યુવાન પુત્ર સંદિપ સેદાણીનું આજે સવારે હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયુ હતું. બજાજ કેપીટલમાં મેનેજર તરીકે ફરજ બજાવતા સંદિપના અણધાર્યા નિધનથી સેદાણી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. મળેલી માહિતી મુજબ



આજે સવારે ૧૦ કલાકે તેઓ પોતાના ઘરે નિયમિત દિનચર્યા પતાવી બેઠા હતા ત્યારે ઓચિંતો છાતીમાં દુખાવો ઉપડતા પરિવારના સદસ્યો હજુ તેને હોસ્પિટલે લઈ જવા એમ્બ્યુલન્સ બોલાવે તે પહેલા જ તેમના શ્વાસ છુટી ગયા હતા. તેમના અવસાન થી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના પત્રકાર જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# ૨૮ મે ની ઓખા–રામેશ્વરમ એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દક્ષિણ મધ્ય રેલવેના તિરુપતિ-કાટપાડી સેક્શન માં નવી લૂપ લાઇનના નિર્માણને કારણે, ૨૮ મે, ૨૦૨૪ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૬૭૩૪ ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ વાયા રેનીગુંટા-મેલપક્કમ- કાટપાડી થઈને દોડશે. જે સ્ટેશનો પર આ ટ્રેન નહીં જાય તેમાં તિરુપતિ સ્ટેશનનો સમાવેશ થાય છે. ટ્રેન ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પોલિસે કબ્જે કરેલા વાહનો ૭ દિવસમાં ભક્તિનગર પોલીસ સ્ટેશનેથી છોડાવી લેવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની વેબસાઈટ cprajkot.gujarat.gov.in માં મુકેલા લિસ્ટ મુજબના વાહનો ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે કબજે કરીને રાખવામાં આવ્યા છે. આ વાહનમાલિકોની શોધખોળ છતાં મળી આવતા નથી. ઉપરાંત આ વાહનમાલિકોએ આજ દિવસ સુધી પોતાના વાહનો છોડાવવાની દરકાર પણ લીધી નથી તેમજ રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો નથી.

આથી આ વાહનમાલિકોને જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, તેઓએ પોતાનું વાહન કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને સાત દિવસમાં રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાંથી છોડાવી લેવાનું રહેશે, અન્યથા આ વાહનોની જાહેર હરરાજી કરીને વેચાણ કરીને તેના નાણાં સરકારશ્રીમાં જમા કરવામાં આવશે. ત્યાર બાદ વાહન માલિકોનો આ વાહનો પર કોઈ હક્ક રહેશે નહીં, જેની નોંધ લેવા તથા આ અંગેની વધુ વધુ વિગતો માટે મો.નંબર - ૬૩૫૯૬ ૨૯૮૭૨ તેમજ ફોન નંબર - ૦૨૮૧ ૨૩૯૧૦૫૮ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# લોધિકાના વિરવા ગામે માવતરના ઘરે પરિણીતાનો આપઘાત

## ભાવનગરના સાસરિયાનો ત્રાસ હોવાથી પરિણીતા બે વર્ષથી રીસામણે બેઠી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકા તાલુકાના વિરવા ગામે પિતા હરવિજયસિંહના ઘરે રહેતાં ધર્મિષ્ઠાબા કુલદિપસિંહ સરવૈયા ઉ.૩૧ નામના મહિલાએ ચૂંદડીથી ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં પરંતુ અહિ ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કરતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

બનાવની જાણ થતાં લોધીકા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પરિવારજનોના જણાવ્યા મુજબ તેણીના લગ્ન પાંચ વર્ષ પહેલા ભાવનગર રહેતાં અને કોર્ટમાં ક્લાર્ક તરીકે નોકરી કરતાં કુલદિપસિંહ ગુલાબસિંહ સરવૈયા સાથે થયા હતાં બે વર્ષ પહેલા તેણી બિમાર પડતાં સાસરિયાઓએ ફોન કરી તેડી જવાનું કહ્યું હતું માવતર પક્ષના સભ્યો તેડવા ગયા હતા ત્યારે હવે તમારી દિકરીને મોકલતા જ નહિ તેવું કહી દીધુ હતું પોલીસની વધુ પુછતાછમાં એવુ જાણવા મળ્યુ હતું કે દિકરીને માવતરે લાવ્યા પછી અમે જયારે સમાધાનની વાત કરવા જતાં ત્યારે પણ એ લોકો પોલીસ બોલાવવાની ધમકી આપતા હતા અમારા બહેનને પતિ, સાસુ, નણંદ સહિતનાનો ત્રાસ હતો પ્રસંગમાં પણ આવવા દેતાં નહોતા ત્રાસને કારણે જ આપઘાત કર્યો હોવાનો આક્ષેપ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી દિકરીના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# રૈયા રોડ પર ધોળા દિવસે સમડી ઝળકી: વૃધ્ધાના ગળામાંથી રૂા.૨.૩૩ લાખના ચેઈનની લૂંટ

## મંદિરે દર્શન કરી પરત આવતા વૃધ્ધાને પછાડી દઈ લૂંટ ચલાવી: દેકારો થતા લોકોએ બે મહિલા અને એક સગીરને દબોચી લઈ પોલીસના હવાલે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધતી જતી ગુનાખોરી વચ્ચે ધોળા દિવસે વધુ એક લૂંટનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે શહેરના રૈયા રોડ ઉપર મંદિરે દર્શન કરી ઘરે જતા વૃધ્ધાને બે બાળકોએ પછાડી દઈ પાછળથી આવેલ મહિલાઓએ ૨.૩૩ લાખનો ચેઈન લૂંટી લેતા દેકારો થતા એક વેપારીએ એક બાળક અને બે મહિલાને ઝડપી લઈ પોલીસને સોપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ ચેન્નાઈના અને હાલ રૈયા રોડ ઉપર ટ્રીનીટી ટાવરમાં રહેતા જયલક્ષ્મી કાનગન નામના ૭૦ વર્ષીય વૃધ્ધા ગત બપોરે ઘર નજીક આવેલ મંદિરે દર્શન કરવા ગયા હતા અને ત્યાંથી બપોરે બારેક વાગ્યે પરત ઘરે જતા હતા ત્યારે બે બાળકોએ ધક્કો મારતા પોતે પડી ગયા હતા ત્યારે બે મહિલાઓ અને છોકરીએ આવી ગળામાં પહેરેલો ૨.૩૩ લાખનો ૪૮ ગ્રામનો સોનાનો ચેઈન લૂંટી લીધો હતો જેમ તેમ કરીને ઉભા થઈને દેકારો કરતા નજીકમાં કરીયાણાની દુકાને રહેલા વેપારીએ બાઈકથી પીછો કરી એક બાળક અને બે મહિલાને પકડી લઈ કંટ્રોલમાં ફોન કરતા ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો વૃધ્ધાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ભારતીબેન કાનાભાઈ વાજેલીયા, કાજલબેન સાગરભાઈ સોલંકી, એક સગીરની ધરપકડ કરી અન્યની શોધખોળ હાથ ધરી છે.

# ગુજસીટોકના ગુનામાં જામીન પર છુટયા બાદ ફરાર થયેલો આરોપી એક વર્ષે ઝડપાયો

## નામચીન રાજન ખીયાણીને એસઓજીની ટીમે જંકશન પ્લોટમાંથી દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પ્રનગર પોલીસ મથકમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં પકડાયા બાદ વચગાળાના જામીન મેળવી એક વર્ષથી નાસતા ફરતા આરોપીને એસઓજીએ ગોઠવેલી વોચમાં ઝડપી લેવામાં સફળતા મળી છે.

રાજકોટમાં નાસતા ફરતા આરોપીઓને કોઈપણ ભોગે દબોચી લેવાની સુચના અન્વયે એસઓજી પીઆઈ જે એમ કૈલા અને ટીમ દ્વારા સતત વોચ રાખવામાં આવતી હતી દરમિયાન પ્રનગર પોલીસમાં ૨૦૨૦માં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં વચગાળાના જામીન મેળવી એક વર્ષથી નાસી છૂટેલો સરતાજ ઉર્ફે રાજન હમીદભાઈ ખીયાણી ઉ.૪૨ જંકશન પ્લોટ શેરી નંબર ૮માં હોવાની ઉપેન્દ્રસિહ ઝાલા સહિતના સ્ટાફને મળેલી બાતમી આધારે વોચ ગોઠવી સરતાજને દબોચી લીધો હતો તેના વિરુદ્ધ ગુજસીટોક ઉપરાંત હત્યાની કોશિષ, જુગાર, આર્મ્સ એક્ટ, ધમકી, રાયોટીંગ સહીત ૧૨ જેટલા ગુના નોંધાઈ ચુક્યા છે પોલીસની પ્રાથમિક પૂછતાછમાં પોતે નશેડી હોય જ્યાં ચલમ મળતી હોય ત્યાં પીવા જતો તેમજ જુગાર રમવા બેસી જતો ત્ર્દ પૈસા જીતે એટલે અજમેર જતો કે રહેતો હતો પોલીસ પકડથી બચવા માટે કોઈ મિત્રો સાથે સંપર્ક રાખતો ન હતો અને મોબાઈલનો પણ ઉપયોગ ન કરતો હોવાનું જાણવા મળ્યું છે.

# પીપાવાવ પોર્ટ ખાતે અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા અને આરટીઓ દ્વારા મેડીકલ કેમ્પ યોજાયો






**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** ભાવનગર રેન્જ આઇ જી ગૌતમ પરમારનાઓયે વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે રેન્જ હેઠળના જિલ્લાઓમાં અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના એ પી એમ સી ટર્મિનલ પીપાવાવ પોર્ટ ખાતે અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા અને આરટીઓ કચેરી અમરેલી દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ તેમજ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ આ મેડીકલ કેમ્પની શરૂઆતમાં એપીએમસી ટર્મિનલ પીપાવાવ પોર્ટના ક્લબ હાઉસ ખાતે ડ્રાઇવરોને જિલ્લા ટ્રાફિક પો.સ.ઇ. વી.વી.ગોહિલ અને આરટીઓ ઇન્સ્પેક્ટર એમ.વી.શાહ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવેલ અને માર્ગ સુરક્ષા માટે ક્યા ક્યા નિયમો અને કાયદાનું પાલન કરવાનું છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ પીપાવાવ પોર્ટની મેડીકલ ટીમ દ્વારા ડ્રાઇવરોની આંખો,બ્લડ પ્રેશર સહિતનું મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ અને જરૂરી સારવાર સુચવવામાં આવેલ.આ પ્રસંગે કંપનીના વાહનો ચલાવતા ડ્રાઇવરોએ બહોળી સંખ્યામાં મેડીકલ કેમ્પનો લાભ લઇ ચેકઅપ કરાવેલ.

# મોરબીમાં ૧૧ વર્ષની માસુમ સાથે દુષ્કર્મ આચરનાર કૌટુંબિક ફુવાને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્પે. પોક્સો કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવેલ હતો. હળવદ પંથકના ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૨૨માં બનેલ બનાવમાં વાડીમાં રહી ખેત મજૂરી કરતા ખેત-શ્રમિક પરિવારની સગીર વયની દીકરીને વાડીની ઓરડીમાં લઇ જઈ બળજબરીપૂર્વક સગીરાના કુટુંબિક ફુવાએ દુષ્કર્મ આચર્યું હતું. જે કેસ મોરબી સ્પે. પોક્સો કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂપિયા ૨૦ હજારનો દંડ ફટકારતો આદેશ કરાયો હતો.



સમગ્ર કેસની ટૂંક વિગત મુજબ વર્ષ ૨૦૨૨માં હળવદ તાલુકાના શિરોઈ ગામની સીમમાં ખેતમજૂરી કરવા આવેલા મધ્યપ્રદેશના ખેતશ્રમિક પરિવારની ૧૧ વર્ષની સગીરા દીકરીને કુટુંબિક ફુવાએ તેણીનો એકલતાનો લાભ લઇ દુષ્કર્મ ગુજારી કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે બનાવ અંગે સગીરાએ બુમાબુમ કરતા બાજુની વાડીમાં કામ કરતા લોકો આવી જતા નરાધમ શખ્સ સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ત્યારે બનાવ અંગે ભોગ બનનારના માતાએ હળવદ પોલીસ મથકમાં આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતેન ખીમલાભાઇ ભાભોર રહે.બકચીયા મધ્યપ્રદેશ વાળા વિરુદ્ધ ગુન્હો નોંધાવતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીને ઝડપી લઈ માત્ર ૬ દિવસમાં ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજૂ કરી દીધું હતું.

ઉપરોક્ત દુષ્કર્મનો કેસ મોરબીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં એડિશનલ સેસન્સ જજ દિલીપભાઈ પી.મહીડા સાહેબની કોર્ટમાં ચાલી જતા ૧૦ મૌખિક અને ૨૫ દસ્તાવેજી પુરાવા ઉપરાંત મદદનીશ સરકારી વકીલ નીરજભાઈ કારિયાની કાયદાકીય દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતેન ખીમલાભાઇ ભાભોરને ૨૦ વર્ષની કેદ અને ૨૦ હજારનો દંડ ફટકારતો આદેશ કર્યો છે, સાથે જ ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું સરકાર તરફથી મળવા પાત્ર વળતર ચૂકવવા આદેશ જારી કર્યો હતો.


# ગંજીવાડાના નામચીન બુટલેગરને ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો

## બસ સ્ટેશન પાછળ કનક રોડ પરથી બે બાઈકની ઉઠાંતરી કરનાર વાહન ચોર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

વિદેશી દારૂના ગુનામાં નાસતો ફરતો ગંજીવાડાનો નામચીન બુટલેગર અને બસ સ્ટેશન પાછળથી બે બાઈકની ઉઠાંતરી કરનાર વાહન ચોરને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.





આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એસ.ગરચર તથા કોન્સ્ટેબલ હરદેવસિંહ તથા અનિલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે અગાઉ વિદેશી દારૂના ગુનામાં જેનું નામ ખુલવા પામ્યું હોય તે નામચીન બુટલેગર જુનેદ હારુન ખલીફા ગંજીવાડામાં ભાવનગર રોડ પર હોવાનું હકીક્ત મળતા ટીમ ઉપરોક્ત સ્થળેદોડી જઈ બુટલેગરને દબોચી લીધો જયારે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે.હુણ અને તેની ટીમના કોન્સ્ટેબલ પ્રદિપસિંહ, અમિતભાઈ, વાલજીભાઈ સહિતના સ્ટાફે બાઈક પર શંકાસ્પદ નીકળેલો જય ઉર્ફે સાંઈ જગદીશ ટહેલીયાણી (રહે.સંતોષીનગર મફતીયાપરા રેલનગર પાસે)ને દબોચી લઈ પોકેટ કોપ મોબાઈલ એપ્લીકેશનની મદદ થી બાઈક ચોરી હોવાનું માલુમ પડતા જય ઉર્ફે સાંઈની અટકાયત કરી આકરી પૂછપરછ કરતા કબૂલાત આપી હતી કે, કનક રોડ પર બસ સ્ટેશન પાછળ મુરલીધર ગેસ્ટ હાઉસ પાછળથી બે બાઈકોની ચોરી કરફી હોવાની કબૂલાત આપતા પોલીસે રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# હીરાસર એરપોર્ટથી પેસેન્જર બેસાડવા રૂા.૫૦૦ની ખંડણી માગી ટોળાએ પિતા-પુત્ર પર હીચકારો હુમલો કર્યો

## માથાભારે તત્વોએ સરકારી ખરાબામાં અડીંગો જમાવી ટેકસી ડ્રાઈવરો પાસેથી ઉઘરાણા શરૂ કર્યાનો આક્ષેપ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રામપર બેટી ગામના અને ચાનો થડોપલાવતા જગદીશભાઈ થોથાભાઈ મકવાણા ઉ.વ.૩૮નો પત્ર જયદીપ જગદીશ મરવાણા ડ્રાઈવીંગનું કામ કરે છે તથા તેના ભાઈ સંજય જગદીશ મકવાણા પિતા સાથે હોટલ ચલાવે છે. ડ્રાઈવીંગનું કામ કરતા જયદીપ મકવાણા ગઈકાલે ગુરૂવારે સાંજે ૫:૩૦ વાગ્યાના સુમારે પોતાની ટેક્સી લઈને રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે ગયો હતો અને ત્યાંથી પોરબંદર જવા માટે પેસેન્જરને બેસાડી ભાડુ બાંધ્યું હતું ત્યારે એરપોર્ટની અંદર ટેક્સ લઈને આવેલ વિક્રમ ઉર્ફે ભાણો ત્યાં આવ્યો હતો અને જયદીપની ટેક્સિ આગળ ટેક્સી ઉભી રાખી અને પેસેન્જરને અહીંયાથી નહીં ભરવા ધમકી આપી હતી. છતાં પણ જયદીપે મુસાફરને પોતાની કારમાં બેસાડી એરપોર્ટની બહાર નિકળ્યો ત્યારે એક સફેદ કલરની બ્રેઝા તથા કાળારંગની થારમાં આવેલા બામણબોરના મહેશ સુસરા તથા લાલો જીવા સુસરા અને અજાણ્યા ચાર શખ્સો ત્યાં ઘસી આવ્યા હતાં.

જયદીપની કારને રસ્તામાં આતરી આ ટોળકીએ જયદીપ ઉપર હુમલો કર્યો હતો. તે દરમિયાન જયદીપે પોતાના પિતાને ફોન કરતા તેને પિતા જગદીશભાઈ અને ભાઈ સંજય ત્યાં દોડી આવ્યા હતાં. એરપોર્ટની બહાર થયેલી આ માથાકુટમાં આ ટોળકીએ ટેક્સિ ચાલક જયદીપ અને તેના પિતા તથા સંજય ઉપર હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. સુત્રોમાંથી જાણવા મળતી માહિતી મુજબ હુમલાખોર લાલો ભરવાડ છેલ્લા ઘણા દિવસથી જ્યારે એરપોર્ટ શરૂ થયું ત્યારથી એરપોર્ટ પાસેની સરકારી ખરાબાની જમીનમાં કબ્જો જમાવી તેનો જ વિક્રમ તથા મહેશ સહિતના શખ્સો એરપોર્ટમાંથી ભાડુ ભરીને જતા-આવતા ટેક્સિ ચાલકો પાસેથી એક ફેરા દીઠ ૫૦૦ રૂપિયા ખંડણી ઉઘરાવે છે. છેલ્લા ઘણા વખતથી ખંડણી ઉઘરાવતી આ બામણબોર ગેંગને ઉગતી જ ડામી દેવી જરૂરી છે. પોલીસની ઢીલીનીતી પણ આના માટે જવાબદાર હોવાનું એરપોર્ટ બહાર ટેક્સિ પાર્ક કરીને ઉભા રહેતા ટેકિસ ચાલકોએ જણાવ્યું હતું. એરપોર્ટથી દરરોજ ૪૦થી વધુ ટેક્સિઓ મુસાફરો બેસાડીને ફેરા કરે છે ત્યારે એક ફેરા દીઠ સા. ૫૦૦ની ખંડણી ઉઘરાવતી આ ટોળકી દરરોજ એક ટેકિસ પાસેથી ૫૦૦ તેમ ૪૦ ટેકિસ પાસેથી રોજના ૧૦ થી ૧૨ હજાર રૂપિયા પડાવે છે આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આ ટોળકી ભવિષ્યમાં મોટાખેલ નાખશે તેવો આક્ષેપ ટેકિસ એસોસીએશન દ્વારા કરવામાં આવ્યો છે.

# નાકરાવાડી પાસે બાઈક સ્લીપ થતા ચોટીલા પંથકના યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા નાકરાવાડી ગામ પાસે બાઈક સ્લીપ થતાં યુવાનનું ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મૃતક યુવાન મુળ ચોટીલાના આકડીયાનો વતની હોવાનું અને હાલ નાકરાવાડી ગામે રહેતો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મુળ ચોટીલાના આકડીયાનો વતની અને હાલ નાકરાવાડી ગામે રહેતો બે પ્રકાશ ધનજીભાઈ સોલંકી (ઉ.૨૭) નામનો યુવાન ગઈકાલે રાત્રે પોતાનુંબાઈક લઈ પીપળીયા ગામેથી પરત નાકરાવાડી આવતો હતો ત્યારે નાકરાવાડી ગામ પાસે પહોંચતાં કોઈ કારણસર બાઈક સ્લીપ થતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પ્રકાશને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર કારગત ન નિવડતાં હોસ્પિટલના બીછાને તેનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પ્રકાશ ત્રણ ભાઈ બે બહેનમાં વચેટ અને મજુરી કામ કરતો હોવાનું તથા તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# રાજકોટમાં શખ્સે લગ્નની લાલચ આપી ત્યકતા પર આચર્યુ દુષ્કર્મ

## બ્યુટી પાર્લરની સંચાલીકાને ગાંધીગ્રામના શખ્સ સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ અનેક હોટલમાં લઈ જઈ શરીર સંબંધ બાંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતી - ૨૪ વર્ષીય ત્યકતાને બે વર્ષ પૂર્વે રૈયા ચોકડી - પાસે શખસ સાથે મુલાકાત થયા બાદ - પ્રેમસંબંધ બંધાતા શખસે લગ્નની લાલચ - આપી જુદી જુદી હોટલોમાં લઈ જઈ દુષ્કર્મ - આચરી લગ્નની ના પાડી ફરિયાદ કરીશ તો - જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા - અંતે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની - શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતી ૨૪ વર્ષીય યુવતીએ - ગાંધીગ્રામમાં રહેતા કશ્યપ રાજુભાઈ સોલંકી નામના શખસ સામે પ્રનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીના અગાઉ લગ્ન થયા હતા. સંતાનમાં એક પૂત્ર હતો જે છૂટાછેડા બાદ પતિ પાસે છે પોતે બ્યુટી પાર્લરમાં કામ કરે છે બે વર્ષ પૂર્વે કશ્યપ સાથે રૈયા ચોકડી પાસે મુલાકાત થઈ હતી બાદમાં નંબરની આપલે કરી વાતચીત કરતા મિત્રતા પ્રેમસંબંધમાં પરિણમી હતી અને કશ્યપે લગ્ન કરશે તેવું કહી સદર બજારમાં આવેલી હોટલ, પોતાના ઘરે બોલાવી તેમજ અન્યએક હોટલમાં લઈ જઈ લગ્ન કરશે તેવું કહી વારંવાર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું તેણીએ લગ્નનું કહેતા લગ્ન કરવાની ના જો ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાનું જણાવતા પ્રનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ બી એમ ઝણકાત સહિતે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# લીંબડી પાસે ટ્રેલર અને બસ વચ્ચે અકસ્માત થતા બેના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે ગોજારો બન્યો હોય તેમ લિંબડી નજીક અનેક જીવલેણ અકસ્માતો સર્જાયા હોવાની અનેક ઘટનાઓ સામે આવી છે. જ્યારે વધુ બે ઘટનામાં મુળ રાજસ્થાનનો વતની અસ્લામ ખેતારામ કડવાસરા ચૌધરી ઉ.વ.૫૦ ગઈકાલે દમણથી જામનગર ટ્રક લઈને જઈ રહ્યો હતો ત્યારે લીંબડી નજીક આવેલા સામતપર ગામના પાટિયા પાસે ટ્રક ચાલક આધેડે ટ્રક સાઈડમાં રાખી રોડ ક્રોસ કરી હોટલે ચા પીવા જતો હતો ત્યારે પુરપાટ ઝડપે ધસી આવેલી કારના ચાલકે રસ્તો ઓળંગી રહેલા ટ્રકચાલક આધેડને ઠોકરે





ચડાવતા અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આધેડનું રાજકોટ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલકની અટકાયત કરી લીધી હતી.

જ્યારે બીજા બનાવમાં રાજકોટના બેટી ગામે રહેતા ભદિયા નાર્સિંગ કનેડા ઉ.વ.૨૮ અને પડધરીના ખામટા ગામે રહેતા કાનિયો ગુમાનભાઈ માવી ઉ.વ.૧૯ જય ગોપાલ નામની ખાનગી બસમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે લીંબડી નજીક આવેલા પાણીયા ગામ પાસે પહોંચતા ખાનગી બમના પાલકે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતા ખાનગી બસ ટ્રેલર સાથે અથડાઈ હતી. અકસ્માત સર્જાતા બાને ગુસાફર યુવાને ઈજા પહોંચી હતી. ઈજાસરત બને યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોઈપિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ગ્રંભીર રીત ઘવાયેલા ભદિયા કનેશની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિાળય ચહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ઉપરોટન બનાર અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શીવધારા સોસાયટીમાં મૈત્રી કરારથી સાથે રહેતી યુવતીને આપઘાતની ફરજ પાડનાર પ્રેમી સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**


મોરબીમાં આવેલ સ્કાય મોલની સામે ભરતનગરમાં રહેતા હિરેન શાંતિલાલ સેજા નામના યુવાને આજી ડેમ પોલીસમાં શીવધારા સોસાયટી શેરી નં.૩ માં રહેતો ભગીરથ જિતેન્ વ્યાસ વિરુધ્ધ ફરિયાદ નોધાવી છે કે, છેલ્લા એક વર્ષથી તેની બહેન નિધ્ધી મૈત્રી કરાર કરી પ્રેમી ભગીરથ સાથે રહેતી હોય આ શખ્સે નિધ્ધીને નાની નાની વાતમાં દુઃખ ત્રાસ આપી મારકૂટ કરતો હોય જેથી અમાનુસી ત્રાસથી કંટાળી જઈ નિધ્ધીએ ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ફરિયાદ નોંધાઈ છે બનાવના પગલે પીએસઆઈ એ.આર.રાઠોડે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કુવાડવા જીઆઈડીસી પાસે બંધ ટ્રક પાછળ ટેન્કર ઘુસી જતાં ચાલકનું મોત

## ટેન્કરની કેબીનમાંથી મૃતદેહ બહાર કાઢવા ફાયર બ્રિગેડની ટીમે બે કલાકની જહેમત બાદ પતરા કાપી લાશ બહાર કાઢી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા પાસે બંધ ટ્રક પાછળ ટેન્કર ઘુસી જતા ચાલકનું મોત થયું હતું. રાજકોટ મનપાના ફાયર બ્રિગેડે બે કલાક જહેમત ઉઠાવી ટૂંકની કેબિનના પતરા કાપી ચાલકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.



આ અંગેની માહિતી મુજબ ભુપતભાઈ નામનાં વ્યક્તિએ સવારે છ વાગ્યાની આસપાસ કનક રોડ ફાયર સ્ટેશનને જાણ કરી હતી કે, કુવાડવા હાઈવે પર જીઆઈડીસીના પુલ પાસે ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો છે અને ટૂંક ચાલક ટૂંકની કેબિનમાં જ ફસાઈ ગયો છે. જેથી તુરંત ફાયરબ્રિગેડની ટીમના એસટીઓ મઠિયા, તેમજ જગદીશભાઈ, હિમાંશુભાઈ, મહેન્દ્રસિંહ, રાજેશભાઈ વગેરે ઘટના સ્થળે દોડી ગયા હતા. અકસ્માતમાં ટ્રક ચાલક કેબિનમાં દબાઈ ગયેલ હતો. જેથી ફાયરની ટીમે બે કલાકની જહેમત બાદ ટ્રક ચાલકને બહાર કાઢ્યો હતો. ૧૦૮ની ટીમે સ્થળ પર જ ચાલકને મૃત જાહેર કર્યો હતો. કુવાડવા રોડ પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડયો હતો. સૂત્રોએ જણાવ્યું કે, એક ટ્રકનું ટાયર ફાટતા તેના રીપેરીંગ માટે ટૂંક ઉભો હતો ત્યારે મૃતક ચાલક તેનો ટૂંક પુરપાટ ઝડપે દોડવી બીજા ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો.

# સામાકાંઠે ઓમ સમર્પણ શરાફી મંડળીના સંચાલકો રૂા.દોઢ કરોડનું ફુલેકુ ફેરવી ફરાર

## મંડળીની ઓફીસને દસ દિવસથી તાળા લાગ્યાઃ ૧૦ ટકાના વળતરની લાલચમાં ૨૬૫થી વધુ લોકોએ નાણાં ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ ઉપર મારૂતીનગરમાં રહેતા અને રાધેશ્યામ કોમ્પ્લેક્ષમાં આવેલ ઓમ સમર્પણ શરાફી મંડળીમાં કલેક્શનનું કામ કરતા પરેશભાઈ મોહનભાઈ પરસાણાએ શ્રીરામ પાર્ક મેઈન રોડ ઉપર રહેતા મંડળીના સંચાલક શૈલેશભાઈ બાબુભાઈ ઠુંમર સામે બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૧ કરોડ ૫૦ લાખ લવ હજાર ૪૬૭ રૂપિયાની છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૧૬થી હું એજન્ટ ડેઈલી કલેક્શનનું કામ કરતો હતો તેમણે ગ્રાહકોને ૫થી ૧૦ ટકા વળતર આપશે તેવું વચન આપ્યું હતું મારી પાસે ૧૭૫ ગ્રાહકો હતા મેં પણ કટકે કટકે ૨૦૧૭થી ૨૦૨૦ દરમિયાન ૮ લાખનું રોકાણ કર્યું હતું મેં પાકતી મુદતે પૈસા માંગતા તેણે મારે અત્યારે પૈસાની જરૂર છે તેમ કહેતા ૨૦૨૦માં મેં ૧૦.૪૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા હું કુલ ૨૨,૩૮,૮૧૪ રૂપિયા માંગું છું તેમજ મંડળીમાં હું એજન્ટ હોય મારા હસ્તક ૯૪ ગ્રાહકો હતા તેમણે મારા હસ્તક ૩૫,૦૪,૬૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું તેમજ મારા પત્ની કાજલબેન પણ એજન્ટ હોય તેણે પોતાના હસ્તક ૭૯ ગ્રાહકો હત તે લોકોએ મંડળીમાં ૩૪,૮૭,૨૦૦ રૂપિયાનું વળતરની લાલચે રોકાણ કર્યું હતું તેમજ અન્ય એજન્ટ દિનેશભાઈ પીપળીયા હસ્તલ ૧૬ ગ્રાહકો હતા તેમણે ૭,૮૪,૪૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું આ ઉપરાંત મહેન્દ્રભાઈ અકબરી પાસે ૭૩ ગ્રાહકો હતા તેમણે ૩૯,૫૬,૯૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું તેમજ કાંતિભાઈ માલીએ ૧૦,૪૦,૫૫૩નું રોકાણ કર્યું હતું બધા ગ્રાહકો મળી ૨૬૫થી વધુ થતા હોય જેની રકમ દોઢ કરોડ ઉપર થતી હોય પરંતુ સંચાલક શૈલેશ ઠુંમરએ પાકતી મુદતે પૈસા નહિ આપી છેતરપીંડી આચરી મંડળીને પણ દસ દિવસથી તાળા મારી નાસી ગયા હોય અંતે ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પીઆઈ એસ એમ જાડેજાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોઠારિયા સોલ્વંટ વિસ્તારમાં છ વર્ષના બાળક સાથે સગીરે કર્યુ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય

## થાપો દાવ રમવાના બહાને બાળકને આંખે પટ્ટી બાંધી પાડોશી સગીરે કૃત્ય આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ધો.૧માં અભ્યાસ કરતાં છ વર્ષના બાળક સાથે પાડોશી ૧૫ વર્ષના સગીરે થાપો રમવાના બહાને આંખે પટ્ટી બાંધી તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરતાં આ મામલે તાલુકા પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને મેડીકલ ચેકઅપમાં તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય થયાનો તબીબોએ અભિપ્રાય આપ્યો છે. આ મામલે પોલીસે ભોગ બનનારની માતાના ફરિયાદના આધારે વધુ કાર્યવાહી આગળ ધપાવી છે.

રાજકોટની ભાગોળે કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં મુળ જસદણ પંથકના વતની એક પરિવારના છ વર્ષના પુત્ર કે જે ધો.૧માં સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતો હોય તેની સાથે પાડોશમાં રહેતા ૧૫ વર્ષના સગીરે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યું હતું. આ મામલે ભોગ બનનારની માતાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ભોગ બનનાર છ વર્ષનો બાળક તેની મોટી બહેન સાથે ઘરે એકલો હતો. બાળકના પિતા કલર કામ કરતાં હોય અને ગઈકાલે તેની માતા પણ સાથે મદદ કરાવવા માટે ગઈ હોય

ત્યારે ભાઈ બહેન ઘરે એકલા હતાં. પાડોશમાં રહેતો ૧૫ વર્ષનો સગીર કે જે કારખાનામાં નોકરી કરતો હોય તે બપોરે જમવા આવ્યો હતો અને પાડોશમાં છ વર્ષનો બાળક અને તેની બહેન એકલા હોય આ ૧૫ વર્ષના સગીરે થાપો રમવાના બહાને ઘરમાં આવ્યા બાદ છ વર્ષના બાળક ઉપર દાવ લીધો હતો અને આંખે પાટો બાંધી થાપો રમતા રમતા તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે દેકારો મચાવતાં બહાર છુપાયેલી તેની બહેન ઘરમાં દોડી આવી હતી શું થયું તે પુછતાં નરાધમ ૧૫ વર્ષના આ સગીરે તેની બહેનને એવો જવાબ આપ્યો કે તારા ભાઈને દાવ નથી આપવો એટલે રોવે છે. જો ત્યાંથી ૧૫ વર્ષનો સગીર ચાલ્યો ગયો હતો. મોડી સાંજે જ્યારે માતા-પિતા કામેથી આવ્યા ત્યારે પણ બાળક રડતો હોય તે બાબતે પુછતાં તેણે સમગ્ર આપવિતી જણાવી હતી અને પાડોશી સગીરે તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યાનું જણાવતાં તાત્કાલીક છ વર્ષના બાળકને સિવિલ હોસ્પિટલે લાવવામાં આવ્યો હતો જ્યાં તબીબોએ તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય થયાનો અભિપ્રાય આપ્યો હતો અને આ બાબતે તાલુકા પોલીસને જાણ કરતાં પીઆઈ હરિપરા સહિતના સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો અને ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે ૧૫ વર્ષના સગીરને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી છે.

# લતીપર પાસે ટ્રેકટરની ટ્રોલી પાછળ બાઈક ઘુસી જતા એકનું મોત, એકને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લતીપર રોડ ઉપર હીરાપર ગામ પહેલા રોડની સાઈડમાં ઉભેલ ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ધડાકાભેર બાઈક અથડાઈ અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું જયારે બાઈક પાછળ બેસેલ યુવકને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી.




આ અંગેની માહિતી મુજબ ટંકારાના સરાયા ગામમાં વાડીયે કામ કરતા મૂળ એમપીના વતની રાકેશભાઈ કાનાભાઈ વાસુનીયા અને સરાયા ગામમાં રહેતા સીરાજભાઈ હમીભાઈ વિકીયાણી ગત તા. ૨૧/૦૫ ના રાત્રીના ૮.વાગ્યે હીરો હોન્ડ સ્પ્લેન્ડર રજી. જીજે- ૩૬-એજી-૩૬૨૦ લઈને ટંકારા લતીપર રોડ ઉપર જતા હોય ત્યારે બાઇકના ચાલક રાકેશભાઈ વાસુનીયાએ પોતાના હવાલાવાળું બાઈક પુરપાટ ગતિએ તથા ગફલભરી રીતે ચલાવી લતીપર રોડ હીરાપર ગામ પહેલા ટંકારા તરફ રાજવીર કારખાના અને ખોડીયાર માતાજીના મંદીરની વચ્ચે રોડની સાઈડમાં ઉભેલ ટ્રેક્ટર ટ્રોલી રજી. જીજે-૩૬-એસી- ૪૭૬૬ના પાછળના ભાગે ધડાકાભેર અથડાવ્યુ હતું. ત્યારે આ અકસ્માતમાં બાઈક ચાલક રાકેશભાઈ કાનાભાઈ વાસુનીયાનું માથામાં ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું હતું જયારે પાછળ બેઠેલ સિરાજભાઈને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત સીરાજભાઈ હમીભાઈ વિકીયાણી ઉવ.૩૦ના એ ટંકારા પોલીસ મથકમાં બાઈક ચાલક મૃતક રાકેશ વાસુનીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે સમગ્ર અકસ્માતના બનાવ મામલે મૃતક આરોપી સામે ગુનો નોંધી આગળની વધુ તપાસ ચલાવી છે.

# નવલનગરમાં બેકારીથી કંટાળી યુવાનનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવલનગર વિસ્તારમાં રહેતા યુવાને ઓરડીમાં લાકડાની આડીમાં દોરી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસે અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ મવડી પ્લોટ વિસ્તારમાં અશોક પાનની સામે નવલનગર શેરી નંબર ૯માં રહેતા દિનેશ દેવરાજભાઈ ચાવડા (ઉ.વ ૪૦) નામના યુવાને પોતાના ઘરે ઓરડીમાં લાકડાની આડીમાં દોરી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો જે અંગેની જાણ થતા ૧૦૮ની ટીમે અહીં પહોંચી જોઈ તપાસી યુવાને મૃત જાહેર કર્યો હતો. બાદમાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.જી.ઝાલાએ અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડયો હતો.

આપઘાત કરી લેનાર દિનેશ ત્રણ ભાઈના પરિવારમાં વચેટ હતો તેને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે.ગઈકાલે યુવાનના પરિવારજનો થોરીયાળી ગામે માતાજીના મંદિરે દર્શન માટે ગયા હતા દરમિયાન પાછળથી તેણે આ પગલું ભરી લીધું હતું. યુવાન છેલ્લા ઘણા દિવસોથી ગુમસૂમ રહેતો હોય અને કામ ધંધો પણ કરતો ન હોય હતાશામાં આ પગલું ભરી લીધું હોવાનું માલુમ પડયું છે.